ગુજરાત સમાચાર

મુંબઈ, શનિવાર, તા. ૬ માર્ચ, ૨૦૨૧

૮

# કાચી સામગ્રીનો પુરવઠો ખોરવાઇ જતા કોરૂગેટેડ બોક્સ ઉદ્યોગ કટોકટીમાં

મુંબઇ, તા. ૫

છેલ્લા થોડાક મહિનાઓમાં ઉત્પાદન ખર્ચમાં તીવ્ર વધારો થવાથી અને બીજી બાજુ કાચી સામગ્રીનો પુરવઠો ખોરવાઇ જવાથી ભારતનો કોરૂગેટેડ બોક્સ ઉદ્યોગ કટોકટીમાં મુકાઇ ગયો છે. તેની મુખ્ય કાચી સામગ્રી ક્રાફ્ટ પેપર છે. માત્ર પેપરના ભાવવધારાના કારણે કોરૂગેટેડ બોક્સ ઉદ્યોગનું ઉત્પાદન ખર્ચ ૭૦ ટકા વધી ગયું છે.

ક્રાફ્ટ પેપર મિલો સપ્લાય બાજુ આયાતી અને સ્થાનિક વેસ્ટ પેપરના વધતા જતા ભાવો, કોરોના લોકડાઉન અને આંતરરાજ્ય લોજીસ્ટીક્સ અડચણોના કારને ઉપલબ્ધતા ઘટી હોવાનાં કારણો દર્શાવે છે. સામે માગની બાજુ જોઇએ તો મિલો ચીનને રીસાઇક્લ્ડ ક્રાફ્ટ પેપર પલ્પ રોલ્સના રૂપમાં ક્રાફ્ટ પેપર નિકાસ કરવાની સોનેરી તકનો લાભ ઉઠાવી રહી છે. ૧ જાન્યુઆરી ૨૦૨૧થી વેસ્ટ પેપર્સ સહિતના તમામ સોલીડ વેસ્ટની આયાત પ્રતિબંધના પરિણામનો ચીનની મિલો સામનો કરી રહી છે.

ઇન્ડિયન કોરૂગેટેડ કેસ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન (ઇકમા)ના પ્રમુખ સંદીપ વાધવાએ જણાવ્યું છે કે માગના ગાળા થકી અને ચીનમાં આકર્ષક ભાવો ઉપજવા થકી ભારતીય ક્રાફ્ટ પેપરનું ઉત્પાદન સ્થાનિક બજારના બદલે બીજે સ્થળાંતર થઇ રહ્યું છે. આથી ફિનિશ્ડ પેપર અને રીસાઇક્લ્ડ ફાઇબરના ભાવો ઉંચા જાય છે. ભારતીય ક્રાફ્ટ પેપર મિલો દ્વારા રીસાઇક્લ્ડ ક્રાફ્ટ પેપર રોલ્સની નિકાસ આ વર્ષે ૨૦ લાખ ટનથી વધી જવાની છે જે ભારતના કુલ સ્થાનિક ક્રાફ્ટ પેપર ઉત્પાદનના ૨૦ ટકા જેટલી થાય છે. ૨૦૧૮ પહેલા શૂન્ય નિકાસ હતી અને એ ધોરણે આ સપ્લાય સાઇડ ડાયનેમીક્સ ગેઇમ-ચેન્જર બની ગઇ છે.

ક્રાફ્ટ પેપરની કોસ્ટના વધારા ઉપરાંત તમામ અન્ય ઇનપુટ્સ જેવા કે માનવબળ ખર્ચ, સ્ટાર્ચ, ફ્રેઇટ અને અન્ય ઓવરહેડ્સ પણ છેલ્લા અમુક વર્ષોમાં ૬૦થી ૭૦ ટકા વધી ગયેલ છે. એવું ઇકમાના ઉપ-પ્રમુખ હરીશ મદને જણાવ્યું છે કે આ પર્યાવરણ પ્રેમી ઉદ્યોગ છે જે વાર્ષિક ૭૫ લાખ મેટ્રિક ટન રીસાઇક્લ્ડ ક્રાફ્ટ પેપરનો વપરાશ કરે છે અને ૧૦૦ ટકા રીસાઇક્લેબલ કોરૂગેટેડ બોક્સનું નિર્માણ કરે છે. આના બજારનું કદ રૂા. ૨૭૦૦૦ કરોડનું છે. આ ઉદ્યોગમાં ૬ લાખ જણા રોજગાર રળે છે.